# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

*****************************************************

1. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે GST સુધારાથી દેશના અર્થતંત્રને નોંધપાત્ર રીતે વેગ મળ્યો.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે દેશમાંથી નક્સલવાદ અને માઓવાદી હિંસા ટૂંક સમયમાં સંપૂર્ણપણે નાબૂદ કરાશે
3. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે લખનૌમાં ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઇલોના પ્રથમ જથ્થાને લીલી ઝંડી આપી
4. મહારાષ્ટ્રના નંદુરબારના તલોદામાં ચાંદશાલી ઘાટ પર ટ્રક પલટી જતાં આઠ લોકોના મોત અને 28 લોકો ઇજાગ્રસ્ત
5. ધનતેરસના પાવન પર્વથી આજથી દિવાળીના તહેવારનો પ્રારંભ

..........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# GST CONFARANCE

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે GST સુધારાનો બીજો તબક્કો દેશના અર્થતંત્રને નોંધપાત્ર રીતે વેગ આપશે. દિવાળીના તહેવાર દરમિયાન ઇલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઇલ્સ અને ગ્રાહક માલ જેવા મુખ્ય ઉત્પાદનોનું વેચાણ થાય છે. દેશના અનેક વિસ્તારોમાં વિક્રમજનક વેચાણ જોવા મળ્યું.

સુશ્રી સીતારમણ નવી દિલ્હીમાં GST બચત મહોત્સવમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં આ મુજબ જણાવ્યું હતું. નાણામંત્રીએ કહ્યું હતું કે GST દર ઘટાડાનો લાભ સામાન્ય માણસ સુધી પહોંચી રહ્યો છે.

આ પ્રસંગે, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે આ વર્ષે નવરાત્રિ તહેવાર દરમિયાન વિક્રમજનક વેચાણ નોંધાયું હતું. ગયા નવરાત્રિ તહેવારની તુલનામાં, આ વર્ષે ઇલેક્ટ્રોનિક્સ વેચાણમાં 25 ટકાનો વધારો થયો છે.

(બાઇટ - અશ્વિની - બચત મહોત્સવ)

GST બચત મહોત્સવમાં, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે નવરાત્રી દરમિયાન વાહન વેચાણમાં વધારો થયો છે અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે પણ અગાઉના રેકોર્ડ તોડી નાખ્યા છે.

(BYTE - પિયુષ ગોયલ)

-------------

# PM - NAKSALVAAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે દેશમાંથી નક્સલવાદ અને માઓવાદી હિંસા ટૂંક સમયમાં સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા 11 વર્ષોમાં માઓવાદી આતંકવાદનો સામનો કરવા માટે સંકલિત પ્રયાસો કરવામાં આવ્યા છે.

(બાઇટ - પીએમ - માઓવાદી હિંસા )

-------------

# Rajnath-Brahmos

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે લખનૌમાં બ્રહ્મોસ એરોસ્પેસ યુનિટમાં ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઇલોના પ્રથમ બેચને લીલી ઝંડી આપી હતી. આ પ્રસંગે સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે બ્રહ્મોસ માત્ર એક મિસાઇલ નથી, પરંતુ દેશની વધતી જતી સ્વદેશી ક્ષમતાઓનું પ્રતીક છે.

(બાઇટ- રાજનાથ સિંહ, બ્રહ્મોસ)

શ્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે ગતિ, ચોકસાઈ અને શક્તિનું સંયોજન બ્રહ્મોસને વિશ્વની શ્રેષ્ઠ પ્રણાલીઓમાંની એક બનાવે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે દેશના દુશ્મનો હવે બ્રહ્મોસથી છટકી શકશે

નહીં. શ્રી સિંહે અહેવાલ આપ્યો કે બ્રહ્મોસ ટીમે ગયા મહિને બે દેશો સાથે આશરે 4 હજાર કરોડ રૂપિયાના કરારો પર હસ્તાક્ષર કર્યા છે.

યોગી આદિત્યનાથે બ્રહ્મોસને સ્વ-નિર્ભરતાનું મિસાઇલ ગણાવ્યું, જે રાષ્ટ્રની સંરક્ષણ જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

-------------

# Election Commission - Bihar

ચૂંટણી પંચે જાહેરાત કરી છે કે બિહાર વિધાનસભાની ચૂંટણી અને સાત રાજ્યોની આઠ બેઠકો પર પેટાચૂંટણીના દિવસે દૈનિક અને કામચલાઉ કર્મચારીઓ સહિત તમામ કર્મચારીઓને રજાનું મહેનતાણું મળશે.

પંચે જણાવ્યું હતું કે જે મતદારો તેમના મતવિસ્તારની બહાર કામ કરી રહ્યા છે પરંતુ મતદાર તરીકે નોંધાયેલા છે તેમને પણ આ સુવિધાનો લાભ મળશે. પંચે જણાવ્યું હતું કે આ પગલું મતદાન વધારવાનો હેતુ ધરાવે છે.

-------------

# Election Commission - Bihar

ચૂંટણી પંચે જાહેરાત કરી છે કે બિહાર વિધાનસભાની ચૂંટણી અને સાત રાજ્યોની આઠ બેઠકો પર પેટાચૂંટણીના દિવસે દૈનિક અને

કામચલાઉ કર્મચારીઓ સહિત તમામ કર્મચારીઓને રજાનું મહેનતાણું મળશે.

પંચે જણાવ્યું હતું કે જે મતદારો તેમના મતવિસ્તારની બહાર કામ કરી રહ્યા છે પરંતુ મતદાર તરીકે નોંધાયેલા છે તેમને પણ આ સુવિધાનો લાભ મળશે. પંચે જણાવ્યું હતું કે આ પગલું મતદાન વધારવાનો હેતુ ધરાવે છે.

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# BIHAR – AMIT SHAH

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) ના પ્રમુખ ચિરાગ

પાસવાનને મળ્યા. પટનામાં, બંને નેતાઓએ સંયુક્ત પ્રચાર અને બિહાર વિધાનસભા ચૂંટણી સંબંધિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી. અગાઉ, અમિત શાહે મુખ્યમંત્રી નિવાસસ્થાને બિહારના મુખ્યમંત્રી અને જનતા દળ (યુનાઇટેડ) ના પ્રમુખ નીતિશ કુમારને મળ્યા હતા. અમિત શાહ બિહારના ત્રણ દિવસના પ્રવાસે છે.

-------------

# Maharashtra - Accident

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના તલોદા તાલુકાના ચાંદશાલી ઘાટ પર એક પિકઅપ ટ્રક પલટી જતાં આઠ લોકોના મોત અને 28 લોકો ઘાયલ થયા હતા. અકસ્માત સમયે પીડિતો અષ્ટમ્બ યાત્રાથી પરત ફરી રહ્યા હતા.

પ્રાથમિક માહિતી મુજબ વાહનમાં 40 થી વધુ લોકો સવાર હતા. પોલીસે જણાવ્યું હતું કે ઘાયલોમાંથી 15 લોકોની હાલત ગંભીર છે. તેમને સારવાર માટે નંદુરબાર જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

-------------

# Jitendra-Nefithromycin

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે જાહેરાત કરી કે ભારતે તેનું પ્રથમ સ્વદેશી એન્ટિબાયોટિક, નેફિથ્રોમાસીન વિકસાવી છે.

આજે નવી દિલ્હીમાં એક તબીબી વર્કશોપનું ઉદ્ઘાટન કરતા, તેમણે કહ્યું કે તેનો હેતુ એન્ટિબાયોટિક-પ્રતિરોધક શ્વસન ચેપને દૂર કરવાનો છે. તેમણે સમજાવ્યું કે તે ખાસ કરીને કેન્સરના દર્દીઓ અને નબળી રીતે નિયંત્રિત ડાયાબિટીસ ધરાવતા લોકો માટે અસરકારક છે.

-------------

# DHANTERAS

દેશભરમાં આજે ધનતેરસનો તહેવાર ઉજવાઈ રહ્યો છે. ધનતેરસને ધન ત્રયોદશી અને ધન્વંતરી જયંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ શુભ દિવસે લોકો ભગવાન ધન્વંતરી, ભગવાન કુબેર અને દેવી લક્ષ્મીની પૂજા કરે છે અને સોના-ચાંદીની વસ્તુઓ અને નવા વાસણો અને વાહનો ખરીદવાને શુભ માને છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જે.પી. નડ્ડાએ આ પ્રસંગે લોકોને શુભેચ્છા પાઠવી છે.

-------------

# GUJARAT STATE NEW MINISTERS

ગુજરાતના નવા કેબિનેટ મંત્રીઓએ આજે ધનતેરસના અવસરે કાર્યભાર સંભાળ્યો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પૂજા કર્યા પછી કાર્યભાર સંભાળ્યો. કેબિનેટ મંત્રીઓ નરેશ પટેલ, ઋષિકેશ પટેલ, ડૉ.

પ્રદ્યુમન વાજા અને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયાએ પણ કાર્યભાર સંભાળ્યો. પ્રાથમિક, માધ્યમિક અને પુખ્ત શિક્ષણ રાજ્યમંત્રી રીવાબા જાડેજાએ પણ કાર્યભાર સંભાળ્યો અને પક્ષના ટોચના નેતૃત્વનો આભાર માન્યો.

-------------

## Vaishnav - NDTV Conference

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે દેશની 5G પ્રગતિએ વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું છે. દેશના ઝડપથી વિસ્તરતા ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે 5G નેટવર્ક દેશના 90 ટકા ભાગ સુધી પહોંચી ગયા છે.

નવી દિલ્હીમાં આયોજિત વૈશ્વિક પરિષદમાં, કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ભારત વિશ્વનો બીજો સૌથી મોટો 5G નેટવર્ક ધરાવતો દેશ બની ગયો છે, જેમાં કનેક્ટિવિટી દૂરના વિસ્તારો સુધી પણ પહોંચી શકે છે.

-------------

## Baloch youth - Missing

જાણીતા માનવાધિકાર સંગઠનોએ જણાવ્યું છે કે બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સુરક્ષા દળોએ ત્રણ બલૂચ વિદ્યાર્થીઓને બળજબરીથી ગુમ કરી દીધા છે.

ત્રણ બલૂચ વિદ્યાર્થીઓની તાજેતરમાં પાકિસ્તાની સુરક્ષા દળોએ અટકાયત કરી હતી અને હજુ પણ તેઓ ગુમ છે. માનવાધિકાર સંગઠનોએ બલૂચ યુવાનોને હેરાન કરવાની પાકિસ્તાન સરકારની નીતિની સતત ટીકા કરી છે અને વિદ્યાર્થીઓને તાત્કાલિક અને સુરક્ષિત પરત કરવાની માંગ કરી રહ્યા છે.

-------------

# Fire in Bangladesh

બાંગ્લાદેશના ઢાકામાં હઝરત શાહજલાલ આંતરરાષ્ટ્રીય વિમાનીમથકના કાર્ગો વિસ્તારમાં આજે બપોરે ભીષણ આગ લાગી હતી. આ ઘટના બાદ તમામ ઉડાનો સ્થગિત કરવામાં આવ્યા છે. અગ્નિશામક દળોના 32 ફાયર ફાઇટિંગ યુનિટ આગ બુઝાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

-------------

# BWF World Junior Championship

સ્ટાર બેડમિન્ટન ખેલાડી તન્વી શર્મા ગુવાહાટીમાં BWF વિશ્વ જુનિયર ચેમ્પિયનશિપના મહિલા સિંગલ્સની ફાઇનલમાં પહોંચી ગઈ છે. આજની સેમિફાઇનલમાં, તન્વીએ ચીનની લિયુ શી-યાને સીધી ગેમમાં

હરાવી. આવતીકાલે ફાઇનલમાં તન્વીનો મુકાબલો થાઇલેન્ડની અન્યાપટ ફિચિટફોન સામે થશે.

-------------

# CPI - KRUSHI

આ વર્ષે સપ્ટેમ્બરમાં કૃષિ મજૂરો માટેનો અખિલ ભારતીય ગ્રાહક ભાવ સૂચકાંક વાર્ષિક ધોરણે ઘટીને 0.07 ટકા થયો, જે ઓગસ્ટમાં 1.07 ટકા હતો. શ્રમ અને રોજગાર મંત્રાલયે જાહેર કરાયેલા આંકડા અનુસાર, ગ્રામીણ મજૂરો માટેનો ફુગાવો પણ ઓગસ્ટમાં 1.26 ટકાથી ઘટીને 0.31 ટકા થયો છે.

-------------